ક્રમાંકઃ ચટણ–સ્થા.સ્વ.–૧૩(૬)–૧૨૨૦૧૮–ક

રાજય ચૂંટણી આયોગ
બ્લોક નંબર–૯, ૬ ઠ્ઠો માળ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧–૧૨–૨૦૧૮

**અખબારી યાદી**

૧. રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં. ૧૩ અને રાજયની અન્ય નગરપાલિકાઓમાં પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી તા.૨૭–૦૧–૨૦૧૯ ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૯–૦૧–૨૦૧૯ ના રોજ યોજાનાર છે. આ દિવસો માટે રાજય ચૂંટણી આયોગના કાર્યાલયમાં કન્ટ્રોલ રૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે. કન્ટ્રોલ રૂમના ટેલીફોન તથા ફેક્ષ નંબર નીચે મુજબ છે.

**ટેલીફોન નંબરઃ ૦૭૯ ૨૩૨૫૨૦૭૨ ,૦૭૯ ૨૩૨૫૨૦૭૩, ૦૭૯ ૨૩૨૫૮૭૦૬**
**ફેક્ષ નંબર : ૦૭૯૨૩૨૫૨૩૦૭ , ૦૭૯૨૩૨૫૨૮૮૫, ૦૭૯૨૩૨૫૮૭૦૫**
**ઈ–મેલ : sec-sec@gujarat.gov.in**

૨. આ ઉપરાંત રાજય ચૂંટણી આયોગના અધિકારીશ્રીઓના ટેલીફોન નંબર નીચે મુજબ છે.

| અ.નં. | અધિકારીશ્રીનો હોદ્દો | ટેલિફોન નંબર | |
|---|---|---|---|
| | | કચેરી | નિવાસ સ્થાન |
| ૧ | માન. રાજય ચૂંટણી કમિશ્નરશ્રી | ૨૩૨૫૨૮૮૮<br>૨૩૨૫૨૩૨૭ | ૨૬૮૫૧૩૦૪ |
| ૨ | સચિવશ્રી | ૨૩૨૫૨૩૨૬<br>૨૩૨૫૨૧૪૯ | ૨૩૨૫૪૮૪૨ |
| ૩ | સંયુકત કમિશ્નરશ્રી | ૨૩૨૫૨૧૪૬ | ૯૦૯૯૩૯૨૫૨૩ |
| ૪ | ઉપ સચિવશ્રી | ૨૩૨૫૨૧૪૮ | ૮૩૪૭૯૯૦૮૨૫ |
| ૫ | નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી (૨) | ૨૩૨૫૧૨૪૧ | ૯૬૮૭૬૫૨૧૬૩ |
| ૬ | નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી (૩) | ૨૩૨૫૨૧૪૭ | ૮૧૨૮૬૭૭૦૪૯ |

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

**પ્રતિ,**
માહિતી કમિશ્નરશ્રી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૨૦ નકલ સામેલ છે , જુદા જુદા વર્તમાનપત્રોમાં આ અખબાર યાદી વિના મૂલ્યે પ્રસિદ્ધ થાય તે જોવા વિનંતી સહ

**નકલ જાણ તથા આનુષંગિક કાર્યવાહી સારૂ રવાના :**

- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, રાજકોટ, જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, નર્મદા, ભાવનગર, મોરબી, સુરેન્દ્રનગર,ગીર સોમનાથ, કચ્છ, ખેડા, પાટણ અને મહેસાણા તેમના જિલ્લામાં પણ કંન્ટ્રોલરૂમની વ્યવસ્થા કરવા તથા તે અંગેની અખબારી યાદી પ્રસિધ્ધ કરી અખબારી યાદીની બહોળી પ્રસિદ્ધિ કરવા વિનંતી સહ
- રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ.
- સીલેકટ ફાઈલ નકલ

**નકલ રવાના :–**

૧. માન. રાજય ચૂંટણી કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
૨. સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.

| ચૂંટણી |
|---|
| આચાર સંહિતા |

ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૧૨૨૦૧૮-ક
રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર-૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩૧-૧૨-૨૦૧૮

વિષય:- રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૩ અને અન્ય નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી જાન્યુઆરી-૨૦૧૯ મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગેની આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.

## પરિપત્ર :

૧. આ સાથેના પત્રક મુજબની રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૩ અને રાજયની અન્ય નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી તા.૨૭-૦૧-૨૦૧૯ના રોજ યોજવા રાજય ચૂંટણી આયોગે તા.૩૧-૧૨-૨૦૧૮ ના રોજ જાહેરાત કરેલ છે. આથી આ ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે આદર્શ આચાર સંહિતા તા.૩૧-૧૨-૨૦૧૮ થી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારમાં અમલમાં આવે છે. સદરહુ આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે પણ કરવાનો રહે છે.

**પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણી જાહેર કરવાની તારીખ | ૩૧.૧૨.૨૦૧૮ |
| ૨ | ચૂંટણીની નોટિસ/ જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ | ૦૭.૦૧.૨૦૧૯ |
| ૩ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૦૭.૦૧.૨૦૧૯ |
| ૪ | ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૧૨.૦૧.૨૦૧૯ |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૧૫.૦૧.૨૦૧૯ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૧૬.૦૧.૨૦૧૯ |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | ૨૭.૦૧.૨૦૧૯ (રવિવાર) સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી |
| ૮ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૨૮.૦૧.૨૦૧૯ |
| ૯ | મતગણતરીની તારીખ | ૨૯.૦૧.૨૦૧૯ |

૨. આ સંસ્થાઓના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે જે તે કચેરીઓને જણાવવામાં આવે છે.

૩. રાજય ચૂંટણી આયોગે આચાર સંહિતા સંબંધે નીચે પ્રમાણે આદેશ કરેલા છે.

| અ.નં. | આદેશનો વિષય | આદેશના નંબર/તારીખ |
|---|---|---|
| ૧ | શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક, તા.૬-૧-૨૦૧૦ |
| ૨ | કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૨) -૧૨૨૦૦૯-ક, તા.૬-૧-૨૦૧૦ |
| ૩ | વહીવટી તંત્ર દ્વારા અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૩) -૧૨૨૦૦૯-ક, તા.૬-૧-૨૦૧૦ |

ઉપરોકત આદેશો જે તે સમયે સંબંધિત તમામ કચેરી / વિભાગો / રાજકીય પક્ષોને મોકલી આપેલ છે. આ આદેશો રાજ્ય ચૂંટણી આયોગની વેબસાઈટ sec.gujarat.gov.in પર મૂકેલા છે.

૪. સંબંધિત તમામ કચેરીઓને વિનંતી કરવામાં આવે છે કે ચૂંટણી હેઠળના જિલ્લાઓના રાજય સરકારના વિવિધ ખાતાના/કચેરીના વડાઓ **રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં. ૧૩ અને અન્ય નગરપાલિકાની પેટા ચૂંટણી** દરમ્યાન તાકીદના તબીબી કારણો સિવાય તેમની હેઠળના આ ચૂંટણી સાથે સંકળાયેલા કર્મચારીઓ / અધિકારીઓની રજા મંજૂર કરે નહિ.

૫. આચાર સંહિતાના અમલ દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારોમાં
- (અ) ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ / કર્મચારીઓની રજા મંજૂર કરી શકાશે નહિ તેમજ બદલી કરી શકાશે નહિ.
- (બ) સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં નિમણૂક આપી શકાશે નહિ.
- (ક) મતદારો પ્રભાવિત થાય તેવી કોઈપણ પ્રકારની જાહેરાત કરી શકાશે નહિ તેમજ વચનો આપી શકાશે નહિ.
- (ડ) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરાશે નહિ.
- (ઈ) વિવેકાધીન ફંડમાંથી ચૂકવણી મંજૂર કરાશે નહિ.

૬. આ સૂચનાઓ ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, સર્વે માન. મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના સચિવશ્રી / અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

૭. સચિવાલયના સર્વે વિભાગોને ઉપર્યુક્ત સૂચનાઓ તેઓની હેઠળના ખાતા / કચેરી તેમજ બોર્ડ, નિગમ તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મૂકવા વિનંતી કરવામાં આવે છે.

૮. આ સૂચનાનો અમલ **તા.૩૧–૧૨–૨૦૧૮** થી (જાહેરાતની તારીખ) થી **તા.૨૯–૦૧–૨૦૧૯** (પરિણામની જાહેરાત) સુધી કરવાનો રહે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
- ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી ( માન.અધ્યક્ષશ્રીના ધ્યાને મૂકવાની વિનંતી સહ )
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી( માન. મુખ્ય મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ )
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અધિક સચિવશ્રી(માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના ધ્યાને મુકવા વિનંતી સહ)
- સર્વે માન.મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.(માન. મંત્રીશ્રીઓના ધ્યાને મૂકવાની વિનંતી સહ)
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર (માન. વિરોધપક્ષના નેતાશ્રીના ધ્યાને મૂકવા વિનંતી સહ)
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.)
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, રાજકોટ , જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, નર્મદા, ભાવનગર, મોરબી, સુરેન્દ્રનગર,ગીર સોમનાથ, કચ્છ, ખેડા, પાટણ અને મહેસાણા (સર્વે ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ/રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ)
- પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ
- પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા, ભાવનગર, મોરબી, સુરેન્દ્રનગર,ગીર સોમનાથ, કચ્છ, ખેડા, પાટણ અને મહેસાણા
- રાજ્ય ચૂંટણી આયોગ સમક્ષ નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર ( જરૂરી પ્રસિધ્ધિ આપવા સારૂ )
- રાજ્ય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ.
- રાજ્ય ચૂંટણી કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ

## જાન્યુઆરી– ૨૦૧૯ માં પેટા ચૂંટણી યોજવાપાત્ર મહાનગરપાલિકાઓની ખાલી બેઠકો

| અ.નં. | જિલ્લો | મહાનગરપાલિકાનું નામ | વોર્ડ નંબર | બેઠકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | રાજકોટ | ૧૩ | ૧ |

## જાન્યુઆરી– ૨૦૧૯ માં પેટા ચૂંટણી યોજવાપાત્ર નગરપાલિકાઓની ખાલી બેઠકો

| અ.નં. | જિલ્લો | નગરપાલિકાનું નામ | નગરપાલિકાનો વર્ગ | વોર્ડ નંબર | બેઠકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા | રાજપીપળા | C | ૫ | ૧ |
| ૨ | ભાવનગર | પાલીતાણા | B | ૩ | ૧ |
| ૩ | મોરબી | વાંકાનેર | C | ૬ | ૧ |
| ૪ | સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રા | B | ૧ | ૧ |
| ૫ | ગીર સોમનાથ | સુત્રાપાડા | C | ૩ અને ૬ | ૨ |
| ૬ | કચ્છ | ગાંધીધામ | A | ૨ | ૧ |
| ૭ | ખેડા | નડીયાદ | A | ૭ | ૧ |
| ૮ | ખેડા | ઠાસરા | D | ૬ | ૧ |
| ૯ | પાટણ | સિધ્ધપુર | B | ૭ | ૧ |
| ૧૦ | મહેસાણા | વડનગર | C | ૭ | ૧ |
| | | | | કુલ | ૧૧ |

**મહાનગરપાલિકા/ નગરપાલિકાની પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ:**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણી જાહેર કરવાની તારીખ | ૩૧.૧૨.૨૦૧૮ |
| ૨ | ચૂંટણીની નોટિસ/ જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ | ૦૭.૦૧.૨૦૧૯ |
| ૩ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૦૭.૦૧.૨૦૧૯ |
| ૪ | ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૧૨.૦૧.૨૦૧૯ |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૧૫.૦૧.૨૦૧૯ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૧૬.૦૧.૨૦૧૯ |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | ૨૭.૦૧.૨૦૧૯ (રવિવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૮ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૨૮.૦૧.૨૦૧૯ |
| ૯ | મતગણતરીની તારીખ | ૨૯.૦૧.૨૦૧૯ |

**સ્થળ:ગાંધીનગર**
**તા.૩૧–૧૨–૨૦૧૮**

**(મહેશ જોશી)**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**